# ગુજરાતના બાળકોમાં જોખમી રીતે વધી રહેલું ટાઇપ-૨ ડાયાબિટીસનું પ્રમાણ

**રાજ્યની** શાળાઓમાં ‘સુગર બોર્ડ’ લગાવવા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી

ગાંધીનગર : વર્તમાનમાં નાના-નાના બાળકોમાં ચોકલેટ તેમજ ખાંડ ઉપરાંત મીઠી વાનગીઓ ખાવાનું પ્રમાણ વધી રહ્યું છે. સમગ્ર દેશમાં બાળકોમાં ટાઈપ-૨ ડાયાબિટીસનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. આ ચિંતાજનક વલણ મુખ્યત્વે ખાંડના વધુ પડતા સેવનના કારણે થાય છે. ખાંડનો વધુ પડતો વપરાશ માત્ર ડાયાબિટીસનું જોખમ જ નહીં પરંતુ સ્થૂળતા, દાંતની સમસ્યાઓ અને અન્ય મેટાબોલિક વિકૃતિઓમાં પણ વધારો કરે છે. ખાંડનું વધુ પડતું સેવન બાળકોના સ્વાસ્થ્ય અને શિક્ષણને લાંબા સમયે અસર કરે છે. બાળકો ખાંડનું સેવન ઓછુ કરે તે માટે શાળા કક્ષાએ ‘સુગર બોર્ડ’ લગાવવામાં આવશે.

આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બાળકોના ખાંડના ઉપયોગને ધ્યાને લઈને એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેમાં શાળા કક્ષાએ યોગ્ય જગ્યાએ ‘સુગર બોર્ડ’ લગાવવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીઓને વધુ પડતા ખાંડના સેવનના જોખમો વિશેની માહિતી આપવામાં આવશે. આ બોર્ડમાં દૈનિક ખાંડનું સેવન, સામાન્ય રીતે ખાવામાં આવતા ખોરાકમાં ખાંડનું પ્રમાણ, બિનઆરોગ્યપ્રદ ખોરાક જેમ કે, જંક ફૂડ, ઠંડા પીણાં, વગેરેની નોંધ રાખવામાં આવશે. ઉપરાંત વધુ પડતા ખાંડના સેવન સાથે સંકળાયેલા સ્વાસ્થ્ય જોખમો અને આરોગ્યપ્રદ આહાર જેવી આવશ્યક માહિતી શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓને પ્રદાન કરવાની રહેશે. જેથી વિદ્યાર્થીઓ ખોરાકની પસંદગી વિશેની જાણકારી મેળવે અને તેમના લાંબા ગાળાના સ્વાસ્થ્ય લાભોને પ્રોત્સાહન મળી શકે. રોજિંદા જીવનમાં ખાંડનો વધુ પડતો ઉપયોગ ન કરવા અંગે શાળા કક્ષાએ જાગૃતિ સેમિનાર તેમજ વર્કશોપનું આયોજન પણ કરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે, એક અભ્યાસ પ્રમાણે ૦૪ થી ૧૦ વર્ષની વયના બાળકો અત્યારે સરેરાશ દૈનિક કેલરીના સેવનમાં ૧૩ ટકા જેટલી અને ૧૧ થી ૧૮ વર્ષની વયના બાળકો ૧૫ ટકા જેટલી ખાંડનો ઉપયોગ કરે છે. ખરેખર ખાંડનો ઉપયોગ પાંચ ટકા થવો જોઈએ તેના બદલે બાળકોમાં ખાંડનો ઉપયોગ ખૂબ વધી રહ્યો છે.

## ડેન્ટલ (PG)માં પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલિંગ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર : રાજ્યની સરકારી, સ્વનિર્ભર ડેન્ટલ કોલેજોમાં (એમડીએસ) પીજી કોર્સની સરકારી, મેનેજમેન્ટ અને એનઆરઆઈ બેઠકો પર પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડની ઓનલાઈન ચોઈસ ફીલિંગ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. 8મી જુલાઈ સવારે 11 વાગ્યા સુધી ચોઈસ ફીલિંગ કરી શકાશે. જ્યારે બપોરે 1:00 વાગ્યા સુધી ભરેલી ચોઈસ જોઈ શકાશે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન કોર્સિસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે શૈક્ષણિક વર્ષ 25-26 માટે સરકારી, સ્વનિર્ભ ડેન્ટલ કોલેજોમાં એમડીએસ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સની સરકારી, મેનેજમેન્ટ અને એનઆરઆઈ બેઠકો પર એડમિશન માટે લાયકાત ધરાવતા ઉમેદવારો અને મેરીટ લીસ્ટમાં સામેલ થયા હોય તેવા તમામ ઉમેદવારો માટે પ્રથમ રાઉન્ડ ચોઈસ ફીલિંગ કાર્યક્રમ શરૂ થયો છે, જે 8મી જુલાઈ 2025 સવારે 11 વાગ્યા સુધી 24 ફીલિંગ કરી શકાશે. કુલ 234 બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# રાજ અને ઉદ્ધવ ઠાકરે પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા સાથે આવ્યા છે



રાજકારણમાં કોઈ કાયમી મિત્ર નથી હોતા અને કાયમી શત્રુ નથી હોતા. રાજકારણમાં સ્વાર્થ જ કાયમી હોય છે. જે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે છેલ્લાં ૨૦ વર્ષથી એકબીજાનું મોંઢું જોવા પણ તૈયાર નહોતા તેમણે હવે હાથ મિલાવ્યા છે અને તેઓ આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પણ સાથે મળીને લડે તેવી તમામ સંભાવના છે. રાજ ઠાકરે શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના ભત્રીજા છે પણ મિજાજમાં અને સ્ટાઈલમાં તેઓ બાળ ઠાકરેના રાજકીય વારસદાર ગણાતા હતા. રાજ ઠાકરેનાં ભાષણોમાં અને વિચારોમાં શિવસૈનિકોને બાળ ઠાકરેનાં દર્શન થતાં હતાં, જેને કારણે બાળ ઠાકરે શિવસેનાનું સુકાન તેમને જ સોંપશે તેમ માનવામાં આવતું હતું પણ બાળ ઠાકરે માટે પાણી કરતાં લોહી વધુ ઘટ્ટ હતું. તેમણે પોતાના જીવતાં જ પોતાના પુત્ર ઉદ્ધવ ઠાકરેને પોતાના રાજકીય વારસદાર જાહેર કરીને તેમને શિવસેનાનું સુકાન સોંપી દેતાં નારાજ થયેલા રાજ ઠાકરેએ શિવસેના સામે બળવો કરીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની રચના કરી હતી. રાજ ઠાકરેની અપેક્ષાથી વિરુદ્ધ મોટા ભાગના શિવસૈનિકો અને શિવસેનાના મતદારો પણ ઉદ્ધવ ઠાકરે સાથે રહ્યા હતા, જેને કારણે રાજ ઠાકરેનો પક્ષ રાજકારણમાં કાઠું કાઢી શક્યો નહોતો.

ટુંકું પોઇન્ટ
સમકિત શાહ

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ ભાજપ સાથે યુતિ કરી હતી, પણ તેમ કરવાથી તેમની મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બનવાની ઝંખના પૂરી થાય તેમ નહોતી, માટે તેમણે ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ જેવા પક્ષો સાથે યુતિ કરી હતી. આ પક્ષો મુસ્લિમતરફી મનાતા હોવાથી ઉદ્ધવ ઠાકરેની હિન્દુ હૃદયસમ્રાટની ઇમેજને ધક્કો લાગ્યો હતો, પણ મુખ્ય મંત્રીની ખુરશી સુધી પહોંચવા તેઓ હિન્દુત્વનું બલિદાન દેવા પણ તૈયાર થઈ ગયા હતા. શિવસેનામાં રહેલા કટ્ટર હિન્દુત્વવાદીઓ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ ભેગાં થયાં હતાં. ભાજપની મદદથી એકનાથ શિંદે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી બની ગયા હતા અને ઉદ્ધવ ઠાકરે સત્તાથી બહાર ફેંકાઈ ગયા હતા. ભાજપે પણ એકનાથ શિંદેનો ઉપયોગ કરી લીધા પછી તેમને કદ પ્રમાણે વેતરી કાઢ્યા હતા. હવે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે દેશની સૌથી શ્રીમંત મહાનગરપાલિકામાં સત્તા ટકાવવા ઉદ્ધવ ઠાકરેને રાજ ઠાકરે સાથે આવવાની ફરજ પડી છે.

બાળ ઠાકરેએ જ્યારે શિવસેનાની સ્થાપના કરી ત્યારે તેમણે મરાઠી માણસોના હક માટે લડવાનું આંદોલન કર્યું હતું અને પહેલાં મુંબઈમાં વસતાં દક્ષિણ ભારતીયોનો વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદ તેમણે ગુજરાતીઓ અને હિન્દીભાષી લોકો સામે પણ તોફાનો શરૂ કર્યાં હતાં. આ કારણે મરાઠીભાષી લોકોનો તેમને સાથ મળ્યો નહોતો, પણ મહારાષ્ટ્રમાં સત્તાના સિંહાસન સુધી પહોંચવા માત્ર મરાઠી લોકોનો સાથ પર્યાપ્ત નહોતો. ૧૯૯૦ના દાયકામાં ભારતભરમાં રામ મંદિરના આંદોલનને લઈને હિન્દુત્વનું મોજું આવ્યું તેના પર સવાર થઈને બાળ ઠાકરેએ પણ હિન્દુત્વનું આંદોલન છેડી દીધું હતું, જેમાં મુખ્યત્વે મુસ્લિમોનો વિરોધ કરવામાં આવતો હતો. બાળ ઠાકરેના જ્વલંત હિન્દુત્વને કારણે તેમને મહારાષ્ટ્રનાં તમામ હિન્દુઓનો ટેકો મળી રહ્યો હતો, જેમાં દક્ષિણ ભારતીયો ઉપરાંત ગુજરાતી, રાજસ્થાની તેમ જ ઉત્તર ભારતીયોનો પણ સમાવેશ થતો હતો. આ કારણે શિવસેના ભાજપનો સાથ લઈને મહારાષ્ટ્રમાં સત્તાના સિંહાસન સુધી પણ પહોંચી ગઈ હતી. શિવસેના-ભાજપની યુતિમાં ભાજપની ભૂમિકા જુનિયર પાર્ટનરની જ હતી.

ભાજપના રાજકારણમાં નરેન્દ્ર મોદીનો ઉદય થયો તે પછી તેમણે શિવસેના પાસેથી મહારાષ્ટ્રમાં હિન્દુઓના ઉદ્ધારક તરીકેનું બિરુદ છીનવી લીધું હતું. શિવસેનાની હિન્દુ મતબેન્ક પર ભાજપે તરાપ મારી હતી અને મુખ્ય પ્રધાનની ખુરશી પર પણ ભાજપે કબજો જમાવ્યો હતો. મહારાષ્ટ્રમાં ભાજપ હવે સિનિયર પાર્ટનર બની ગયો હતો. ઉદ્ધવ ઠાકરેની મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બનવાની આકાંક્ષા ભાજપ સાથે રહીને પૂરી થાય તેમ નહોતી, માટે તેમણે ભાજપ સાથે છેડો ફાડીને મુસ્લિમોના સમર્થક ગણાતા પક્ષો સાથે સત્તામાં ભાગીદારી કરી હતી. મહારાષ્ટ્રના મતદારો દ્વારા ઉદ્ધવ ઠાકરેના આ પક્ષપલટાને નકારી કાઢવામાં આવ્યો હતો. પરિણામે ઉદ્ધવ ઠાકરેની ગોળા સાથે ગોફણ પણ ઝૂંટવાઈ ગઈ હતી. મહારાષ્ટ્રમાં સત્તા ગઈ હતી અને હિન્દુત્વનો મુદ્દો પણ હાથમાંથી સરકી ગયો હતો. આ બાજુ રાજ ઠાકરે પાસે પણ કોઈ મુદ્દો રહ્યો નહોતો. મુંબઈ મહાનગરપાલિકામાં છેલ્લાં 30 વર્ષથી શિવસેનાનું રાજ છે અને ભાજપ તેમાં જુનિયર પાર્ટનરની ભૂમિકા ભજવી રહ્યો હતો. ભાજપ અને શિવસેના વચ્ચે છૂટાછેડા થયા પછી ભાજપ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી એકનાથ શિંદે સાથે મળીને લડે તેવા સંયોગો પેદા થયા છે. બીજી બાજુ જો ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડે તો તેની મરાઠી મતબેન્કમાં પણ ગાબડાંઓ પડે તેવી સંભાવના છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે પાસે હવે કોઈ મતબેન્ક રહી ન હોવાથી તેમણે બાળ ઠાકરેએ જ્યાંથી શરૂઆત કરી હતી તે મરાઠી મતબેન્કને શરણે જવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયના ભાગરૂપે તેમણે મહારાષ્ટ્રમાં મરાઠીતરફી ઝુંબેશ ચાલુ કરી છે અને જે કોઈ મરાઠી ન બોલે તેની મારપીટ કરવાની શરૂઆત કરી છે. આ કારણે ગુજરાતીઓ, રાજસ્થાનીઓ અને ઉત્તર ભારતીયો તેમનાથી દૂર ચાલ્યા જવાની સંભાવના છે.

ઉદ્ધવ ઠાકરેને અને રાજ ઠાકરેને મરાઠી મતદારોની લાગણી ઉશ્કેરી શકે તેવો કોઈ મુદ્દો જોઈતો હતો અને આ મુદ્દો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવિસે પૂરો પાડ્યો હતો. મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં નેશનલ એડ્યુકેશન પોલિસી મુજબ રાજ્યમાં ત્રણ ભાષાની નીતિનો અમલ કર્યો તેમાં પહેલા ધોરણથી હિન્દી ભાષા ફરજિયાત કરવાની જોગવાઈ પણ હતી. આ જોગવાઈને ટાર્ગેટ કરીને રાજ ઠાકરે દ્વારા મહારાષ્ટ્રમાં રહેતા તમામ બિનમરાઠીઓ સામે હિંસક ઝુંબેશ ચાલુ કરી છે. રાજ ઠાકરેના પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકરો કોઈ પણ બિનમરાઠીની દુકાનમાં કે ઓફિસમાં પહોંચી જાય છે અને તેની સાથે મરાઠીમાં વાત કરવાનો આગ્રહ રાખે છે. દુકાનદારને મરાઠી ન આવડે તો તેની પિટાઈ કરવામાં આવે છે અને તેનો વિડિયો સોશ્યલ મિડિયામાં વાયરલ કરવામાં આવે છે. ચારેક દિવસ પહેલાં મુંબઈ નજીક આવેલા મીરા રોડમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકરો દ્વારા એક રાજસ્થાની વેપારીની મારપીટ કરવામાં આવી તેની સામે તમામ વેપારીઓ એક થઈ ગયા હતા અને તેમણે જબરદસ્ત મોરચો કાઢ્યો હતો. આ મોરચાની આગેવાની ભાજપના સ્થાનિક વિધાનસભ્ય નરેન્દ્ર મહેતાએ લીધી હતી. વેપારીઓની એકતાને કારણે પોલીસને પણ મનસેના કાર્યકરો વિરુદ્ધ ફરિયાદ નોંધવાની ફરજ પડી હતી.

મહારાષ્ટ્ર સરકારની હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવાની નીતિની વિરુદ્ધમાં ઉદ્ધવ ઠાકરેએ અને રાજ ઠાકરેએ મળીને શનિવારે જબરદસ્ત વિરોધયાત્રાનું આયોજન કર્યું હતું, પણ તેના બે દિવસ પહેલાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવિસે હિન્દી ભાષાને ફરજિયાત બનાવતો પરિપત્ર પાછો ખેંચી લીધો હોવાથી ઠાકરે બંધુઓની જબરદસ્ત આંદોલન કરવાની તક ઝૂંટવાઈ ગઈ હતી. તો પણ તેમણે શનિવારે રેલી કાઢી હતી અને તેને વિજય રેલીનું નામ આપ્યું હતું. આ રેલીમાં ૨૦ વર્ષ પછી ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક મંચ પર આવ્યા હતા. રાજ ઠાકરેએ તો કટાક્ષ કરતાં કહ્યું હતું કે જે કામ બાળ ઠાકરે ન કરી શક્યા તે કામ દેવેન્દ્ર ફડનવિસે કરી બતાવ્યું છે.

ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વચ્ચે હજુ કોઈ ચૂંટણી જોડાણ થયું નથી પણ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે તેઓ હાથ મિલાવે તેવી સંભાવના છે. જો કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સાથે આવે તો તેમની વચ્ચે બેઠકોની વહેંચણી બાબતમાં વિવાદ થાય તેવી તમામ સંભાવના છે. ઉદ્ધવ ઠાકરે નમ્ર અને શાંત છે, જ્યારે રાજ ઠાકરે તોફાની અને આક્રમક છે. જો બંને સાથે આવે તો ઉદ્ધવ ઠાકરે સાથે રહેલા કેટલાક શિવસૈનિકો રાજ ઠાકરેના પક્ષમાં ચાલ્યા જાય તેવો ડર પણ રહેશે. જો રાજ ઠાકરેને વધુ બેઠકો મળે તો તેઓ એકનાથ શિંદેની જેમ ઉદ્ધવનો સાથ છોડીને ભાજપના ખોળામાં બેસી જાય તેવો ડર પણ રહે છે. બીજી બાજુ ઉદ્ધવ અને રાજ સાથે કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ કેવું વર્તન કરશે તેની પણ કોઈને ખબર નથી. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેના સાથે આવવાને કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં નવાં વમળો પેદા થશે એટલું તો નક્કી છે.

**ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે પાસે હવે કોઈ મતબેન્ક રહી ન હોવાથી તેમણે બાળ ઠાકરેએ જ્યાંથી શરૂઆત કરી હતી તે મરાઠી મતબેન્કને શરણે જવાનો નિર્ણય કર્યો છે**

## અમદાવાદના ચાંદખેડામાં પ્રેમી બ્લેકમેલિંગના ત્રાસથી યુવતીએ 14માં માળેથી પડતું મૂક્યું

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ચાંદખેડા વિસ્તારમાં એક યુવતીએ 14માં માળેથી ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના અંગે મળતી પ્રાથમિક વિગતો મુજબ યુવતીના બોયફ્રેન્ડ દ્વારા તેનો અશ્લીલ વિડિયો ઉતારવામાં આવ્યો હતો, અને આ વિડીયો દ્વારા તે તેને સતત બ્લેક-મેલિંગ કરતો હોવાથી યુવતીએ કંટાળી આ અંતિમ પગલું ભર્યું હતું. પોલીસે આ ઘટના માટે આત્મહત્યા કરનાર યુવતીના પ્રેમી મોહિત મકવાણાની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી યુવતીની મોહિત મકવાણા નામના યુવક સાથે મિત્રતા હતી અને તેની સાથે રિલેશનશિપમાં હતી. આ દરમ્યાન યુવતીના મિત્ર મોહિતે અંગત પળોનો વિડીયો યુવતીની સહમતી વગર ઉતારી લીધો હતો, અને આ વિડીયો મોહિતે તેના મિત્ર હાર્દિક રબારીને આપ્યો હતો. ત્યારબાદ મોહિત અને હાર્દિક આ બંને યુવતીને બ્લેકમેલિંગ કરતા હતા. મળતી માહિતી મુજબ અગાઉ યુવતીએ આ વિડીયો ડીલીટ કરવા માટે તેના પ્રેમીને 6,000 રૂપિયા આપ્યા હતા, અને તેના માટે પોતાની સોનાની ચેન ગીરવે મૂકી હતી.

# આખરે રાજ્યમાં વ્યાયામ શિક્ષકોની ભરતી માટે સમિતિની રચના કરાઈ

**15 વર્ષથી** વ્યાયામ અને ચિત્રકામના શિક્ષકોની ભરતી નહીં કરાતાં આક્રોશ ફેલાયો હતો

ગાંધીનગર : રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આખરે વ્યાયામ શિક્ષકોની ભરતી કરવા માટે સમિતિની રચના કરવામાં આવી છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અગ્ર સચિવ આ સમિતિના અધ્યક્ષ રહેશે. જ્યારે અન્ય નવ સભ્યો આ કમિટીમાં રહેશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ઠરાવ મુજબ વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે સમિતિની રચના કરવામાં આવી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જેને લઇ ઘણા લાંબા સમય સુધી ગાંધીનગરમાં ઉમેદવારો દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું, અને વ્યાયામ શિક્ષકોની ભરતી માટે માગણી કરવામાં આવી હતી. ઘણું લાંબુ આંદોલન ચાલ્યા બાદ આખરે મુખ્યમંત્રીએ વ્યાયામ શિક્ષકોની ભરતી માટે કમિટી બનાવવાની વાત કરી હતી.

આ કમિટી દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં કાયમી શિક્ષકની ભરતી કરવા માટે હાલની જોગવાઈમાં શું શું ફેરફાર કરવાના થાય છે. અન્ય રાજ્યોમાં વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી માટે કયા પ્રકારની વ્યવસ્થા છે, તેનો અભ્યાસ કરી ચર્ચા વિચારણા કરી શકાય. વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી કરવાની થાય તો તે માટે કયા પ્રકારની પદ્ધતિ અનુસારવી. તેઓની કયાં પગાર ધોરણમાં નિમણૂક કરવી. આ સિવાયના મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવાની રહેશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પડાયેલા ઠરાવમાં ગઈ 17 એપ્રિલ 2025ના રોજ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ખેલ સહાયકની ભરતી અંગે ચર્ચા કરવામાં આવી હતી. જે બાબતે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા અવિધિસર નોંધ રજૂ કરાઈ હતી. જેમાં વ્યાયામ શિક્ષકની ભરતી કરવા માટે એક સમિતિનું ગઠન કરવા અભિપ્રાય આપવામાં આવ્યો હતો. પુખ્ત વિચારણાના અંતે વ્યાયામ શિક્ષકોની ભરતી બાબતે વિચારણા કરવા માટે એક સમિતિની રચના કરવાનું નક્કી કરાયું છે. આ સમિતિમાં કુલ 10 સભ્યોનો સમાવેશ કરાયો છે.

અગ્ર સચિવ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણએ સમિતિના અધ્યક્ષ રહેશે. જ્યારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન, કમિશનર શાળાઓની કચેરીના નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીના નિયામક. નાયબ સચિવ પ્રાથમિક શિક્ષણ. નાયબ સચિવ માધ્યમિક શિક્ષણ. ક્રીડા ભારતી ગુજરાત પ્રાંતના એક પ્રતિનિધિ. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના એક પ્રતિનિધિ સભ્ય તરીકે રહેશે. તેમજ નાયબ નિયામક (ભરતી) શાળાઓની કચેરી જે સભ્યસચિવ તરીકે કમિટીમાં રહેશે.

## BUSINESS મિત્ર

# શોર્ટટર્મમાં શેરબજારમાં સારૂં વળતર મેળવવું મુશ્કેલ: ટ્રેડડીલ ઉપર નજર રહેશે

**સાપ્તાહિક** આધાર પર ગત સપ્તાહે બજારમાં બે સપ્તાહની તેજીનો ઘટાડો, રૂપિયામાં સુધારો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 5:** વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતીય શેરબજારમાં અસ્થિરતાનો માહોલ જોવા મળ્યો હતો. જે સપ્તાહમાં બજારમાં બે સપ્તાહની તેજીને બ્રેક વાગી છે અને ઘટાડો નોંધાયો છે. જ્યાં સુધી ભારત-અમેરિકાના ટ્રેડડીલના અંતિમ નિર્ણય જાહેર નહીં થાય ત્યાં સુધી બજારમાં અસ્થિરતા ચાલુ જ રહેશે. આ ઉપરાંત, ભૂરાજકીય તણાવની અસર જોવા મળી હતી. જોકે, હવે બજાર કરેકશનમાંથી બહાર આવ્યું છે. બજારને સમય નક્કી કરવું હંમેશા મુશ્કેલ રહ્યું છે. રકારની રાજકોષીય નીતિ સકારાત્મક છે. આરબીઆઈ મોનીટરી પોલિસીની અસર જોવા મળી હતી. કેપેક્સ માટેનો દ્રષ્ટિકોણ સકારાત્મક છે અને ગ્રાહકોની માગ વધી રહી છે. પે કમિશન, ટેક્સ કટ, રેટ કટ દ્વારા ડિમાન્ડને સપોર્ટ મળ્યો હતો. ચોમાસુ સારૂં રહેવાની આશા છે. ભારત લાંબા ગાળે વિકાસની ગાથા છે. મધ્યમથી લાંબા ગાળા માટે સકારાત્મક દ્રષ્ટિકોણ છે.

બજાર માટે સૌથી મોટું જોખમ જિયો પોલિટીકલ ટેન્શન છે. યુએસ તરફથી ટેરિફ મુદ્દાઓ અંગે ચિંતા છે. વૈશ્વિક ઘટનાઓની અસર શક્ય છે. જોકે, બ્રોડર માર્કેટમાં રોકાણ કરવું લાભદાયી સાબિત થશે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 626.01 પોઈન્ટ એટલે કે 0.74 ટકા ઘટીને 83432.89 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. નિફ્ટી 176.80 પોઈન્ટ એટલે કે 0.68 ટકા ઘટીને 25461 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.

બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સ એક ટકા સુધી વધ્યા હતા. જેમાં ગ્રેબિયલ ઈન્ડિયા, સુંધુ ટ્રેડ લિંક્સ, પીસી જવેલર, એસએમએલ ઈસુઝુ, નાકલ ઈન્ડસ્ટ્રીઝ, હેરનબા ઈન્ડ., પ્રાઈમ ફોક્સ, સાઈનપોસ્ટ ઈન્ડિયામાં 20થી 42 ટકા સુધીનો વધારો નોંધાયો છે. બીજી બાજું સાધના નાઈટ્રોકેમ, સિગાચી ઈન્ડસ્ટ્રીઝ, ડ્રીમફોક્સ સવર્સીસ, નુવામાં હેલ્થકેર, સન્માન કેપિલ, જિંદાલ વર્લ્ડવાઈડ, નારાયણ હૃદયાલયમાં 11.32 ટકાનો ઘટાડો રહ્યો હતો.

બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.6 ટકા વધ્યો હતો. લોરસ લેબ, રિલેક્સો ફુટવેર, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક, કલ્યાણ જવેલર્સ, બાયોકોન, ગ્લેનમાર્ક ફાર્મા, આઈપીસીએ લેબ, અજંતા ફાર્મા, એન્ડ્યુરન્સ ટેકનો, જીએમઆર એરપોર્ટસ, ઓરોબિન્દો ફાર્, બાલકૃષ્ણ ઈન્ડ.માં વધાર્યો હતો. બીજી તરફ, કોરોમાંડલ ઈન્ટરનેશનલ,બ્રેનબીસ સોલ્યુશન્સ, ગોદરેજ ઈન્ડ., ગો ડિજિટ નજરલ ઈન્સ્યોરન્સ, એફએસએ ઈ કોમર્સ વેનચર્સ એટલે કે નાયકા ઘટયા હતા.

બીએસઈ લાર્જકેપ ઈન્ડેક્સમાં 0.6 ટકાનો ઘટાડો દર્જ કરવામાં આવ્યો છે. ટ્રેન્ટ, એસબીઆઈ કાર્ડસ, ચોલામાંડલમ ઈન્વેસ્ટમેન્ટ, હુન્ડાઉ મોટર, સ્વીગી, યુનાઈટેડ સ્પીરીટમાં ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે બોશ, મેનકાઈન્ડ ફાર્મા, પીએનબી, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, બીપીસીએલ, ડિવિઝ લેબ, સિમેન્સમાં તેજી જોવા મળી હતી.

ગત સપ્તાહે ટ્રેન્ટના માર્કેટકેપમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારબાદ એચડીએફસી બેન્ક, કોટક બેન્ક, એકસસી બેન્કનો નંબર આવે છે. બીજી તરફ, રિલાયન્સ, ઈન્ફોસીસ, બીઈએલમાં માર્કેટ કેપમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો ગત સપ્તાહે રિયલ્ટી ઈન્ડેક્સ 2 ટકા ઘટ્યો હતો. બેન્ક નિફ્ટી અને એફએમસીજી ઈન્ડેક્સ 0.7 ટકા ઘટયા હતા. તેજ સમયે ફાર્મા, પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2 ટકા અને આઈટી, મીડિયા ઈન્ડેક્સ એક ટકા વધીને બંધ થયા છે.

આ દરમ્યાન એફઆઈઆઈએ બે સપ્તાહની ખરીદીનો સીલસીલો તોડીને રૂ. 6604.56 કરોડનું વેચાણ કર્યુ હતું. ડીઆઈઆઈએ સતત 11માં સપ્તાહે પોતાની ખરીદી ચાલુ રાખી હતી અને રૂ. 7609.42 કરોડની ખરીદી કરી હતી. ભારતીય રૂપિયો સતત વધી રહ્યો છે. સ્થાનિક ચલણ 4થી જુલાઈએ નજીવા વધારા સાથે 85.39 રૂપિયા પ્રતિ અમેરિકન ડોલર પર બંધ થયું હતું, જે 27 જુને 85.49 પ્રતિ અમેરિકન ડોલર હતું.

# સમાન મુદ્દા પર સ્ટેટ અને સેન્ટ્રલ જીએસટી અધિકારી દ્વારા પેરેલલ કાર્યવાહી થાય નહીં

**- નામદાર દિલ્હી હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો**

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GSTનો કાયદો સરકાર દ્વારા એક રાજ્ય એક વેરો તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. પરંતુ... ઘણી વખત સમાન મુદ્દા પર સ્ટેટ-GST અધિકારી તથા સેન્ટ્રલ GST અધિકારી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે. સેન્ટ્રલ GST કાયદાની કલમ 6(2)(બી) હેઠળ જે કિસ્સામાં યોગ્ય અધિકારી SGST કે UT GST હેઠળ કાર્યવાહી કોઈ મુદ્દા ઉપર હાથ ધરવામાં આવી હોય તો તે સમાન મુદ્દા ઉપર C GSTના અધિકારી દ્વારા પેરેલલ કાર્યવાહી થાય નહીં એવી મતલબનો રસપ્રદ ચૂકાદો તાજેતરમાં નામદાર દિલ્હી હાઈકોર્ટે આપ્યો છે. ખેર! ના.દિલ્હી હાઈકોર્ટના મે. સન ઓટોમેશન લી.વિ. સેલ્સટેક્ષ ઓફિસર-ક્લાસ 2ના તા.1-5-25ના -સી.પી.(સી) 5733/2025ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો... .

**હકીકત...**

અરજદાર કંપનીને સ્ટેટ અધિકારી દ્વારા તા.27-10-24ની કારણદર્શક નોટિસ આપવામાં આવી અને ત્યારબાદ તા.27-2-25નો ઓર્ડર પસાર કરવામાં આવ્યો. અને વર્ષ 2020-2021 માટે આ અધિકારી દ્વારા દંડ સાથે રૂા. 158 કરોડની ધરખમ રકમની ડિમાન્ડ ઉપસ્થિત કરવામાં આવી. તો.. અગાઉ જોઈન્ટ કમિશનર શ્રી (એડજ્યુડીકેશન) સી.જીએસ2 દિલ્હી દ્વારા તા.30-8-24ના રોજ સમાન મુદ્દા ઉપર ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો. ત્યારે... અરજદાર દ્વારા સ્ટેટ ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો. ત્યારે... અરજદાર દ્વારા સ્ટેટ ટેક્ષ અધિકારીના આદેશને ના.દિલ્હી હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી પડકારવામાં આવ્યો.

**દલીલ...**

અરજદારના વિધ્વાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે સ્ટેટ ટેક્ષ અધિકારી દ્વારા સેન્ટ્રલ અધિકારીનો આદેશ ધ્યાનમાં લેવામાં આવ્યો નથી.. તથા સ્ટેટ ટેક્ષ અધિકારી દ્વારા તા.27-11-24ની કારણદર્શક નોટિસ તથા તા.27-2-25નો ઓર્ડર કાયદાની કલમ 6(2)(બી) ધ્યાને લેતા.. તે ગેરકાયદેસરનો છે અને કાયદામાં ટકી શકે નહીં. તો.. તેમણે વધુમાં જણાવ્યું કે.. સેન્ટ્રલ જીએસટી ખાતાના ઓર્ડરને કમિશનર (અપીલ્સ) સમક્ષ પડકારવામાં આવ્યો હતો અને તે અત્રે તા.3-4-25નો ઓર્ડર અપીલ અધિકારી દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, કે જેમાં અરજદાર પર પેનલ્ટી લગાડવામાં આવી હતી.

**ચૂકાદો...**

ચૂકાદો આપતા.. ના.હાઈકોર્ટે નોંધ્યું કે સ્ટેટ ટેક્ષ અધિકારીએ સેન્ટ્રલ ટેક્ષ અધિકારીનો આદેશ ધ્યાને લીધો નથી. અને ના.હાઈકોર્ટે પોતાનો અગાઉનો અમીત ગુપ્તા વિ. યુનિયન ઓફ ઈન્ડિયાનો ચૂકાદો ધ્યાને લીધો. જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે કલમ 6(2) (બી)ની જોગવાઈ ધ્યાને લેતાં સ્ટેટ ટેક્ષ અધિકારીનો પેરેલલ આદેશ અને કાર્યવાહી અયોગ્ય છે. કલમ 6(2)(બી) પાછળનો હેતુ મલ્ટીપલ પ્રોસીડીંગ્સ ટાળવાનો છે અને... ના. હાઈકોર્ટે આ ચૂકાદો ધ્યાને લેતા... સ્ટેટ ટેક્ષ અધિકારીએ એપેલેટ અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલો તા.3-4-25નો આદેશ ધ્યાને લેવો અને તા.27-11-24ની કારણદર્શક નોટિસ અને તા.27-2-25ના ઓર્ડર પર.. કલમ 6(2)(બી)ને કારણે તે ટકી શકે કે કેમ ફેર વિચારણા કરવી એમ જણાવી તા.3-4-25નો આદેશ ગેરકાયદેસર ઠરાવી દૂર કર્યો અને એપેલેટ અધિકારીનો તા.3-4-25નો ઓર્ડર ધ્યાને લઈ, અરજદારને સાંભળવાની તક આપી આ મુદ્દે ફેર વિચારણા કરવા ફરમાવ્યું.

# 153 દેશ ભારતમાંથી રમકડાંની આયાત કરી રહ્યા છે: પિયુષ ગોયલ

**ટોયસ** સેક્ટર માટે સરકાર વધુ એક સ્કીમ લાવવાની તૈયારીમાં

નવી દિલ્હી, તા. 5: ભારતનો રમકડા ઉદ્યોગ, જે અગાઉ અન્ય દેશોમાંથી થતી આયાત પર આધારિત હતો, તે હવે સ્થાનિક સ્તરે ઉત્પાદન કરી રહ્યો છે અને 153 દેશોમાં નિકાસ કરી રહ્યો છે એમ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે રમકડા બિઝ આંતરરાષ્ટ્રીય બી2બી એક્સ્પો 2025ને સંબોધન કરતા જણાવતા તેમણે ઉમેર્યુ હતું કે, સાતત્યપૂર્ણ નીતિગત સમર્થન, ગુણવત્તાનાં ધોરણોને લાગુ કરવા અને સ્થાનિક ઉત્પાદન ક્લસ્ટરોને મજબૂત કરવાને કારણે આ પરિવર્તન શક્ય બન્યું છે.

તેમણે કહ્યું હતું કે, ક્વોલિટી કંટ્રોલ ઓર્ડરની સાથે ભારતમાં સારી ક્વોલિટીના રમકડાંનું ઉત્પાદન થવા લાગ્યું છે અને અમારા રમકડાં હવે આંતરરાષ્ટ્રીય ધોરણોના બની રહ્યા છે. ભારતની 1.4 અબજની વસતિ મોટું કેપ્ટિવ માર્કેટ પ્રદાન કરે છે, જે ઉત્પાદન વધારવા માટે કુદરતી લાભ પ્રદાન કરે છે. આ સ્કેલ સાથે, ઉદ્યોગ ખર્ચની કાર્યક્ષમતા પ્રાપ્ત કરી શકે છે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની શકે છે. તેમણે જણાવ્યું હતું કે, મોટું સ્થાનિક બજાર માત્ર વિસ્તરણને જ ટેકો આપતું નથી, પરંતુ તેના માટે આધાર તરીકે પણ કામ કરે છે.

પીયૂષ ગોયલે કહ્યું કે, જો ભારતીય કંપનીઓ સારા બ્રાન્ડિંગ, આકર્ષક પેકેજિંગ અને મજબૂત ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરશે તો વિદેશમાં ભારતીય રમકડાં વધુ પસંદ કરવામાં આવશે. પીયૂષ ગોયલે કહ્યું કે, રમકડાંના નવા આઈડિયા લઈને આવેલા સ્ટાર્ટઅપને પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો લાભ મળ્યો છે, જેમાં કોઈપણ કોલેટરલ વગર લોન આપવામાં આવી રહી છે અને આ યોજનાને હવે 20 વર્ષ સુધી વધારી દેવામાં આવી છે.

# ભારતીય ફિનટેક કંપનીઓએ છ મહિનામાં 88.9 કરોડ ડોલર એકત્ર કર્યા

**ભારતીય** ફિનટેક ક્ષેત્ર અમેરિકા અને યુકે પછી વિશ્વમાં ત્રીજા સ્થાને

નવી દિલ્હી, તા. 5: ભારતીય ફિનટેક કંપનીઓએ વર્ષ 2025ના પ્રથમ છમાસિક ગાળામાં 88.9 કરોડ ડોલર ઊભા કર્યા છે. જે 2024ના પહેલા છમાસિક ગાળામાં એકત્ર કરવામાં આવેલા 936 મિલિયન ડોલરની તુલનામાં પાંચ ટકા ઓછું છે અને 2024ના બીજા છમાસિક ગાળામાં એકત્ર કરવામાં આવેલા 1.2 અબજ ડોલરની તુલનામાં 26 ટકા ઓછું છે. આ ઘટાડા છતાં, ભારતીય ફિનટેક ક્ષેત્ર અમેરિકા અને યુકે પછી વિશ્વમાં ત્રીજા ક્રમે છે, એમ ટ્રેક્સનના અહેવાલમાં જણાવાયું છે. ટ્રેક્સને જણાવ્યું હતું કે, ભારતીય ફિનટેક સેક્ટરમાં ભંડોળમાં કામચલાઉ ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ પ્રારંભિક તબક્કાના રોકાણમાં સ્થિર ગતિ અને એક્વિઝિશન પ્રવૃત્તિઓમાં વધારો સૂચવે છે કે રોકાણકારોનો રસ મજબૂત છે. આ ખાસ કરીને ઈનોવેશન-આધારિત મોડેલોમાં જોવા મળે છે.

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૦૧૦૦ |
| તેજાબી સોનું | ૧૦૦૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૫૦૯૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૮૧૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૦૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૧૦૮૦૦ |
| ચાંદી સિક્કા | ૧૧૨૩૦૦ |

### તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૪૯૦ | કોપરેલ | ૫૨૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૨૯૦ | વનસ્પતિ ઘી | ૨૪૭૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૪૨૦ | તલતેલ | ૫૨૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૨૨૦ | દિવેલ | ૨૩૭૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ ’’ | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ ’’ | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |